કભી સુખ હૈ, કભી દુઃખ હૈ, ઈસીકા નામ જીવન હૈ, જો મુશ્કિલમેં ન ઘબરાએ, ઉસે ઈન્સાન કહતે હૈ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૨ | ૨૩ નવેમ્બર, ૨૦૨૦, સોમવાર; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશની ૮૦ ટકા વસ્તીને ચેપનું જોખમ

**દેશની ૮૦ ટકા વસ્તીને હજુ પણ ચેપ લાગવાનું જોખમ છે : સ્વસ્થ્ય થયા પછી પણ કોરોના ફરીવાર થઈ શકે : તજજ્ઞ : આ રસી માત્ર એક સાધન છે, આપણે કોવિડ બિહેવિયર અને માર્ગદર્શિકાને અનુસરતા રહેવું જોઈએ : નીતિ આયોગના સભ્ય ડોક્ટર વીકે પોલનો દાવો**

નવી દિલ્હી, તા. ૨૨

સ્વસ્થ થયા પછી પણ કોરોના ફરી થઈ શકે છે, તે ચોક્કસ છે. આ કહેવાનું છે કે, નીતિ આયોગના સભ્ય ડોક્ટર વી.કે. પોલનું. શનિવારે ડોક્ટર પોલે કહ્યું કે કેટલાક લોકો જ પરંતુ કોરોના ફરી સ્વસ્થ થયેલા દર્દીમાં પણ આવી શકે છે. તેવા કેસ મળી રહ્યા છે. તેથી, નિયમો પાલનની ચોક્કસાઈ શરું જ રાખવી જોઈએ. તેમણે કહ્યું કે સંજોગો પ્રમાણે દેશની ૮૦ ટકા વસ્તીને હજુ પણ ચેપ લાગવાનું જોખમ છે. હા એ વાત સાચી કે રસી આવવાની છે, પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે બેદરકાર રહેવું જોઈએ. આ રસી માત્ર એક સાધન છે, આપણે કોવિડ બિહેવિયર અને માર્ગદર્શિકાને અનુસરતા રહેવું જોઈએ.

મીડિયા સાથે વાત કરતા ડો.પોલે કહ્યું કે હમણાં દિલ્હીમાં કોરોન તેના સૌથી ઉચ્ચ સ્તરે છે. તેથી લોકોને વ્યક્તિગત સ્તરે સમજવું પડશે. આપણે ટ્રેકિંગ અને આઈસોલેશનને ધ્યાનમાં લેવું પડશે. અત્યારે સૌથી અગત્યની બાબત એ છે કે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આશરે ૧૫ થી ૨૦ લોકોને આઈસોલેટ કરવા જોઈએ, કારણ કે તેઓ અજાણતા પણ ચેપ ફેલાવતા રહેશે.

ડોક્ટર પોલે કહ્યું કે જે પણ પોઝિટિવ મળી આવે જરૂરી છે કે તેને બે દિવસ પહેલા સુધી મળેલા તમામ લોકોની ઓળખ કરવામાં આવે અને તેમને આઈસોલેટ કરવામાં આવે. તેમણે કહ્યું કે દર્દીના સંપર્કમાં આવનારા આ લોકો ૭ દિવસ માટે સેલ્ફ ક્વોરન્ટીન થઈ જવું જોઈએ, જેથી તેઓ તેમના કુટુંબમાં અથવા અન્ય લોકોમાં ચેપ ન લાવે, જેના પછી તેઓએ તેમની તપાસ કરાવવી જોઈએ.

ડોક્ટર પોલે કહ્યું કે જો કોરોના પરીક્ષણનો રિપોર્ટ સકારાત્મક આવે તો તેના અનુસાર પગલા લેવા જોઈએ. જો તે નકારાત્મક આવે છે તો તમે પહેલાની જેમ રૂટિન જીવન જીવી શકો. જો કોઈ પરીક્ષણ કરાવવા નથી માંગતા તો પછી ૧૪ દિવસ માટે ક્વોરન્ટીનમાં રહો. આ દરમિયાન તેમણે સંકેત પણ આપ્યા હતા કે આગામી દિવસોમાં ક્વોરન્ટીન ન થનારા લોકો સામે કડક હાથે કામ લેવામાં આવી શકે છે. ડો.પોલે કહ્યું કે કોવિડ રસી અંગે પીએમ મોદીની અધ્યક્ષતામાં શુક્રવારે એક બેઠક મળી હતી. બધા પાસાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકન કંપની મોડર્નાની કોરોના વેક્સિન ટૂંક સમયમાં જ મળી જશે

**રસીની કિંમત ૧૮૦૦-૨૭૦૦ની વચ્ચે રહેશે : વેક્સિન કોરોના સામે ૯૪.૫ ટકા સફળ સાબિત થઇ છે**

વોશિંગ્ટન, તા. ૨૨

અમેરિકાની કંપની મોડર્નાઈંકે કોરોના વાયરસ સામે વેક્સિન બનાવી હોવાનો દાવો કર્યો છે. કંપનીનું કહેવું છે કે, તેમની વેક્સિન કોરોના સંક્રમણ સામે ૯૪.૫ ટકા સફળ સાબિત થઈ છે. મોડર્ના કંપની દ્વારા પહેલીવાર તેની કિંમત વિશે માહિતી આપાવામાં આવી છે.

કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીફન બેન્સેલે જણાવ્યું કે, મોડર્ના વેક્સિનના એક ડોઝની કિંમત ૨૫ ડોલરથી ૩૭ ડોલર એટલે કે લગભગ ૧૮૦૦થી ૨૭૦૦ રૂપિયાની વચ્ચે રહેશે. સાથે જ તેમણે કહ્યું કે, કિંમત એ વાત પર નિર્ભર રાખશે કે ઓર્ડર કેટલો મળ્યો છે.

અગાઉ યુરોપિયન કમિશનના એક અધિકારીએ કહ્યું હતું કે, અમે મોડર્નાના લાખો ડોઝ માટે કંપની સાથે ડીલ કરી છે. આ અંગે બેન્સેલે કહ્યું કે, એવી કોઈ ડીલ થઈ નથી. પરંતુ યુરોપિયન કમિશન સાથે વાતચીત ચાલુ છે.



સૂમસામ અમદાવાદ - કોરોના સંક્રમણ વધવાને પગલે અમદાવાદમાં લદાયેલ ૫૭ કલાકના કર્ફ્યુની સીધી અસર માર્ગો પર વર્તાતી હતી... સતત વાહનોથી ધમધમતા માર્ગો જાણે આરામ ફરમાવી રહ્યા હોય એમ શાંત ભાસતા હતા... જોકે કોરોના સંક્રમણની કડી તોડવા કર્ફ્યુ અનિવાર્ય હતો...

## હવે આયુર્વેદના ડૉક્ટર્સ પણ સર્જરી કરી શકશે : સરકાર

**કેન્દ્ર સરકારે આ માટે લીલીઝંડી આપી : આયુર્વેદના ડોક્ટરો પણ જનરલ-ઓર્થોપેડિક સર્જરીની સાથે સાથે આંખ, કાન અને ગળાની સર્જરી કરી શકશે**

નવી દિલ્હી, તા. ૨૨

હવે આયુર્વેદના ડોકટરો પણ જનરલ અને ઓર્થોપેડિક સર્જરી સાથે આંખ, કાન અને ગળાની સર્જરી કરી શકશે. કેન્દ્ર સરકારે આ માટે લીલી ઝંડી આપી દીધી છે. સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે અનુસ્નાતક (પીજી) વિદ્યાર્થીઓને વિવિધ સર્જરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આયુર્વેદના વિદ્યાર્થીઓને પણ સર્જરીનું શિક્ષણ આપવામાં આવતું હતું. પરંતુ સર્જરી કરવાના અધિકારોને સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યો નહોતા.સરકારના જાહેરનામા મુજબ હવે આયુર્વેદ સર્જરીમાં પીજી કરનારા વિદ્યાર્થીઓને આંખ, નાક, કાન, ગળા તેમજ જનરલ સર્જરી માટેની વિશેષ તાલીમ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓને સ્તનના ગઠ્ઠો, અલ્સર, મૂત્રમાર્ગના રોગો, પેટમાંથી બાહ્ય પદાર્થોના નિષ્કર્ષણ, ગ્લુકોમા, મોતિયાને દૂર કરવા અને ઘણી બધી શસ્ત્રક્રિયાઓ કરવાનો અધિકાર હશે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનના મોટા આઠ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ લદાયો

જયપુર,તા.૨૨

રાજસ્થાનમાં દિવાળી પછી સતત કેસ વધતા કોરોના સંક્રમણ પછી ટેન્શનમાં આવેલી અશોક ગેહલોતની સરકારે શનિવારે રાત્રે બેઠક બાદ મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે ટ્વીટ કરીને જયપુર અને જોધપુર સહિત ૮ શહેરોમાં નાઈટ કર્ફ્યૂની જાહેરાત કરી છે. આ કર્ફ્યૂ રાત્રે ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી રહેશે. રાજ્યમાં મંત્રીમંડળની બેઠક થઈ હતી જેમાં સામે આવ્યું કે લગ્નની સીઝન, ઠંડી, તહેવારો વગેરેના કારણે કોરોનાના કેસમાં વધારો થયો છે.

બેઠકમાં ચર્ચા કરાઈ કે નવેમ્બર માસમાં પ્રદેશમાં રોજ પોઝિટિવ કેસની સંખ્યા ૧૭૦૦થી વધીને ૩૦૦૦ રોજની થઈ ગઈ છે. પ્રદેશના ૮ જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની સંખ્યા અચાનક વધી ગઈ છે.

કોરોના સંક્રમણથી સૌથી વધુ અસર જોધપુર, જયપુર, કોટા, બીકાનેર, ઉદેપુર, અજમેર, અલવર અને ભીલવાડા જિલ્લામાં જોવા મળી છે જ્યાં નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યું છે.

### કેન્દ્રએ યૂપી, પંજાબ અને હિમાચલમાં મોકલી ટીમો

કોરોનાના વધતાં કેસો સામે કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે. કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ટીમો મોકલી છે. આ રાજ્યોમાં કોરોના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આ પહેલાં હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મણિપુરમાં કોરોના વિરુદ્ધ અભિયાનની દેખરેખ માટે ટીમો મોકલી ચૂકી છે.

## પુતિનને પાર્કિન્સન નહી પણ કેન્સર

મૉસ્કો,તા.૨૨

રશિયાની સંસદે પસાર કરેલા કાયદા પ્રમાણે તો રાષ્ટ્રપતિ તરીકે વ્લાદિમિર પુતિન ૨૦૩૬ સુધી રહી શકે છે પણ રશિયાના એક રાજકીય વિશ્લેશકે પુતિનને લઈને ચોંકાવનારો દાવો કર્યો છે.

આ વિશ્લેશકનુ કહેવુ છે કે, પુતિન નવા વર્ષની શરુઆતમાં રાષ્ટ્રપતિ તરીકે રાજીનામુ આપી દેશે અને તેનુ કારણ છે તેમની કથળી રહેલી તબિયત.પુતિનના ટીકાકાર અને વિશ્લેશક વેરલી સોલોવી પહેલા પણ કહી ચુક્યા છે કે, પુતિનને કેન્સર થયેલુ છે.

વેલરીએ પહેલા જોકે કહ્યુ હતુ કે, પુતિન પાર્કિન્સનથી પીડિત છે પણ એ પછી તેમણે દાવો કર્યો હતો કે, પુતિનને કેન્સર થયુ છે અને હાલમાં તેમની તબિયત પણ સારી નથી રહેતી.સાથે સાથે તેઓ સાઈકો ન્યૂરોલોજિકલ બીમારી સામે પણ ઝઝૂમી રહ્યા છે. જોકે હું ડોક્ટર નથી અને નૈતિક રીતે મને એ જણાવવાનો અધિકાર નથી એટલે હું એકદમ ચોક્કસ જાણકારી નહીં આપી શકુ. વેલેરીએ અગાઉ કહ્યુ હતુ કે, આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં પુતિનની

● અનુસંધાન પાન-૭ પર


દુઃખદ અવસાન (બેસણું)



અમારા પિતાશ્રી / ભાઈશ્રી
નાયી કાન્તિલાલ આત્મારામ નું
તા. ૧૯-૧૧-૨૦૨૦ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ.
તેમના સુતક (બેસણું) તા. ૨૩-૧૧-૨૦૨૦ને સોમવારે
બોરીજ અક્ષરધામ સામે, જૈન દેરાસર પાછળ,
સવારે ૮ કલાક થી ૧૨ કલાક સુધી રાખેલ છે.

- સુનીલ કાન્તિલાલ નાયી
- આયુષ રાજુભાઈ નાયી
- અશોકભાઈ હરજીવનદાસ નાયી
- પ્રહલાદભાઈ હરજીવનદાસ નાયી
- કમલેશભાઈ હરજીવનદાસ નાયી
- સ્વ. ડાહ્યાલાલ આત્મારામ નાયી
- હરજીવનદાસ આત્મારામ નાયી
- દેવાભાઈ મણીલાલ નાયી
- જીગનેશ દેવાભાઈ પારેખ
- કૃણાલ દેવાભાઈ પારેખ

બોરીજ, જૈન દેરાસર પાછળ, અક્ષરધામની સામે, ગાંધીનગર.
M. 9824502899




નૂતન વર્ષાભિનંદન



શ્રી રાધેશ્યામભાઈ યાદવ
પ્રમુખશ્રી, ઈન્ડિયન લાયન્સ – સ્વર્ણિમ ગાંધીનગર
પ્રમુખશ્રી, શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ, ગાંધીનગર (જનસેવા સમિતિ)
કમિટી પ્રમુખશ્રી, શ્રી પંચદેવ મંદિર, સેક્ટર-૨૨, ગાંધીનગર
ચેરમેનશ્રી, રાધે કોર્પોરેશન
ઈ-૧૯૯, જીઆઈડીસી, વિડિઓકોનની પાછળ, સેક્ટર-૨૬, ગાંધીનગર
(મો.) ૯૪૨૬૦ ૦૯૯૭૫, ૯૭૨૩૦ ૨૩૦૯૨
● ટિફિન સેવા ● ખિચડી પ્રસાદ (પંચદેવ મંદિર)
● જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ
● વૃદ્ધાશ્રમના વડીલોને સહાય
● “રામ” નામ બેંક (રામનામ પુસ્તિકાની શાળા – અયોધ્યા)
ઈન્ડિયન લાયન્સ – સ્વર્ણિમ ગાંધીનગર
શ્રીમતી આશાબેન પંડ્યા - નેશનલ ચેરપર્સન
શ્રી હિતેશભાઇ પંડ્યા – ચીફ પેટ્રન
શ્રી રાધેશ્યામભાઈ યાદવ – પ્રમુખ
શ્રી મંગળસિંહ સોલંકી – ઉપપ્રમુખ
ડો. ગુલાબચંદ પટેલ – ઉપપ્રમુખ

દિપાવલીના પર્વ સાથે નવું વર્ષ આપ સૌના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ સહ...
દિપાવલીની હાર્દિક શુભકામનાઓ સાથે
નૂતન વર્ષાભિનંદન
પ્રવિણભાઈ ચૌધરી
પ્રદિપભાઈ ચૌધરી
સુરેશભાઈ ચૌધરી